# 18th Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

August 20, 2020

## ભારત-ચીન સીમાની બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણાની 18મી મીટિંગ

ઓગસ્ટ 20, 2020

1. આજે ભારત-ચીન સીમાની બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણા (WMCC) ની 18મી મીટિંગ યોજાઇ હતી. ભારતનાં પ્રતિનિધિમંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી, જ્યારે ચીનનાં પ્રતિનિધિમંડળની આગેવાની ચીનનાં વિદેશ મંત્રાલયનાં સીમા અને સામુદ્રિક વિભાગનાં મહા નિર્દેશક દ્વારા કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર નિખાલસ અને ગહન દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી. તેઓએ પુનઃપુષ્ટિ કરી હતી કે બન્ને વિદેશ મંત્રીઓ અને બે વિશેષ પ્રતિનિધિઓ (SRs) વચ્ચે સધાયેલી સમજૂતિઓને અનુરૂપ, બન્ને પક્ષો પશ્ચિમ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર સંપૂર્ણ રીતે સૈનિકો દૂર કરવા તરફ નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાનું ચાલુ રાખશે. આ સંદર્ભમાં તેઓએ પડતર સમસ્યાઓનું ઝડપથી અને પ્રવર્તમાન સમજૂતિઓ અને પ્રોટોકોલ અનુસાર નિરાકરણ લાવવા સંમત થયા હતા. બન્ને પક્ષો સમજૂતિમાં હતા કે સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહનું પુનઃસ્થાપન દ્વિપક્ષીય સંબંધોનાં એકંદર વિકાસ માટે મહત્વપૂર્ણ રહેશે.

3. વધુમાં બન્ને પક્ષોએ સંપૂર્ણ સૈન્ય દૂરિકરણ સુનિશ્ચિત કરવા માટે રાજદ્વારી અને મિલિટરી ચેનલો એમ બન્ને મારફત નજીકનો સંચાર જાળવી રાખવાની જરૂરીયાત સ્વિકારી હતી. આ સંદર્ભમાં, તેઓ WMCC ની મીટિંગો મારફત સહિત તેઓનાં ચાલું સંવાદો ચાલું રાખવા પણ સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 20, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.